## શિક્ષકે ૧૪મા માળેથી છલાંગ લગાવી જીવન ટૂંકાવી દીધું

શહેરના વિશાલા પાસે હાઈરાઈઝ બિલ્ડીંગ પરથી નામાંકિત કોચિંગ ક્લાસ ચલાવતા શિક્ષકે મોતની છલાંગ મારી છે. પાર્થ ટાંક નામના શિક્ષકે હાઈરાઈઝ બિલ્ડીંગના ૧૪મા માળેથી કૂદીને આપઘાત કરી જીવન ટૂંકાવ્યું છે. વાસણા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, પાર્થ ટાંક આજે સવારે વિશાલા પાસે આવેલા જીમમાં ગયા હતા. જે બાદ તેમણે બિલ્ડીંગના ૧૪મા માળેથી છલાંગ લગાવીને આપઘાત કરી લીધો છે. હજી જીવન ટૂંકાવવા પાછળનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. મહત્વનું છે કે, તેઓ ધરણીધર વિસ્તાર ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ મેથ્યના કોચિંગ ક્લાસ ચલાવતા હતા. પ્રાથમિક વિગત પ્રમાણે, પાર્થ ટાંકને માનસિક બીમારી હતી જેના કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું છે. હાલમાં પોલીસ સીસીટીવી અને બિલ્ડીંગના અન્ય લોકો સાથે પૂછપરછ કરી રહી છે. હાલ પોલીસ વધુ તપાસ કરીને આગળની કાર્યવાહી કરશે. થોડા દિવસો પહેલા ભાવનગર જિલ્લાના કોળીયાક ગામે શિક્ષિકાએ આત્મહત્યા કરી લીધી હતી.શિક્ષિકા ભાવનાબેન (ઉ.વ.૩૬)એ પોતાના ઘર પાસે આવેલા જળુંબ કૂવામાં પડીને આત્મહત્યા કરી લીધી હતી.

# રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો : ૯૬૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૧૦૮૩૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૦૩૯૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે ૬૧ દિવસ જેટલા લાંબા સમય બાદ કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૯૬૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૨૬૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૨૦,૩૯૩ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૨૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે.

આજે રાજ્યમાં કુલ ૫૪,૬૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૪૦.૧૮ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૧,૦૮,૩૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૭,૦૦૨ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૬,૮૭૬ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૨૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૧,૬૨૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૬ છે. જ્યારે ૧૧,૫૫૯ લોકો સ્ટેબલ છે. ૨,૨૦,૩૯૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૪૧ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૪, સુરત કોર્પોરેશન ૦૩ દર્દી સહિત કુલ ૦૭ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

## છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રી મોદીએ ભારત-જાપાન કોન્ફરન્સને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યુ હતુ.
- રાજ્યના ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા કોરોનાથી સંક્રમિત.
- જાન્યુઆરીના કોઈપણ સપ્તાહમાં કોરોના વેક્સિન આપવાનું શરૂ કરાશે.
- ખેડૂત આંદોલનને સમર્થન કરી રહેલા પંજાબના દસથી વધુ આડતીયાઓને ત્યાં ઈન્કમટેક્સના દરોડા.
- અભિનેતા અર્જુન રામપાલ ડ્રગ કેસમાં એનસીબીની કચેરીએ ચાર કલાક રોકાયા.
- શેર બજારમાં ભારે કડાકો.
- અમદાવાદમાં વિશાલા પાસે હાઈરાઈઝ બિલ્ડીંગના ૧૪મા માળેથી મેથેમેટીક્સના કોચિંગ ક્લાક ચલાવતા સંચાલકનો આપઘાત.
- એનસીપીના સુપ્રિમો બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન વિવાદ અંગે પ્રધાનમંત્રી મોદીને મળશે.
- ભાજપના સાંસદ સોમિત્ર ખાનના પત્નિ સુજાતા ટીએમસીમાં જોડાતા તેઓ તેમને તલાક આપશે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ નાતાલ પર્વની ઉજવણી દીવમાં કરશે.
- સીંગતેલના ડબ્બામાં ૧૦ રૂ.નો વધારો.
- દાંતીવાડા કોટડા ભાખર ગામે દૂધ દોહવાના મશીનથી કરંટ લાગતા ૧૧ ગાયોના મોત.

# જાન્યુઆરીથી સ્કૂલો ખોલવાનો સરકારનો ઈરાદો નથી : ચુડાસમા

## શિક્ષણમંત્રીએ તત્કાળ સ્પષ્ટતા કરી, માસ પ્રમોશન અંગે સ્થિતિને અનુરૂપ યોગ્ય સમયે નિર્ણય લેવાનું આશ્વાસન

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે હાલની સ્થિતિમાં જાન્યુઆરી મહિનાથી સ્કૂલ-કોલેજો ખોલવાનો સરકારનો કોઈ ઈરાદો નથી. એટલું જ નહીં, ગત વર્ષની માફક ધોરણ ૧૦ અને ૧૨ સિવાયના વર્ગોમાં માસ પ્રમોશનનો પણ હાલ સરકારે કોઈ નિર્ણય નથી લીધો તેવું પણ તેમણે કહ્યું હતું. શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે, સ્થિતિને અનુરૂપ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે, હાલ તેની ચર્ચા કરવાનો કોઈ મતલબ નથી.

આજે દિવસ દરમિયાન કેટલીક ન્યૂઝ ચેનલો પર એવા અહેવાલ પ્રસારિત થયા હતા કે ગુજરાત સરકાર જાન્યુઆરી મહિનાથી સ્કૂલો અને કોલેજો શરુ કરવાની જાહેરાત કરી શકે છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહથી જ સ્કૂલો અને કોલેજો ધમધમતી કરી દેવાશે તેવા દાવા પણ આ અહેવાલોમાં કરાયા હતા. જોકે, સરકારે આ અહેવાલોને પાયાવિહોણા ગણાવી તેમને ફગાવી દીધા છે. આ ઉપરાંત, હાલ આવી કોઈ વાત વિચારણા હેઠળ પણ નથી તેવી સ્પષ્ટતા પણ કરી છે.

ઉલ્લેખનીય છે કે, દિવાળી વેકેશન બાદ સ્કૂલો અને કોલેજો નિયંત્રણો સાથે શરુ કરવા માટે



સરકારે પૂરી તૈયારી કરી લીધી હતી. જોકે, કોરોનાના કેસોમાં અચાનક વધારો થતાં સરકારને પોતાનો નિર્ણય પડતો મૂકવાની ફરજ પડી હતી. હાલ સરકાર કોઈ રિસ્ક લેવા ના માગતી હોવાથી રાજ્યમાં કોરોનાના કેસોમાં તાજેતરના દિવસોમાં જોવાયેલા ઘટાડા બાદ પણ સ્કૂલો અને કોલેજો શરુ કરવા અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

બીજી તરફ, હવે શૈક્ષણિક સત્રને માંડ ત્રણેક મહિના બાકી રહ્યા છે, અને તેમાંય સ્કૂલો ક્યારે ચાલુ થશે તેના કશાય ઠેકાણા ના હોવાના કારણે આ વર્ષે પણ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાશે કે કેમ તે અંગે સરકારે સ્પષ્ટતા નથી કરી. સ્કૂલો ઓનલાઈન એજ્યુકેશન આપી રહી છે, પરંતુ તેની ક્વોલિટી તેમજ પહોંચને લગતા પણ ગંભીર સવાલો ઉભા જ છે. તેવામાં માત્ર ઓનલાઈન એજ્યુકેશનના આધારે વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા લેવી કે કેમ તે અંગે શિક્ષણવિદોમાં પણ મતમતાંતર પ્રવર્તી રહ્યા છે. નોંધનીય છે કે, ગત શૈક્ષણિક વર્ષમાં પણ સરકારે માસ પ્રમોશનની જાહેરાત છેલ્લી ઘડીએ જ કરી હતી.

ખાસ કરીને જેમના બાળકોને આ વર્ષે બોર્ડની પરીક્ષા આપવાની છે તે વિદ્યાર્થીઓના માતાપિતા હાલ ટેન્શનમાં છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવાતી હોય છે, અને ડિસેમ્બર સુધીમાં તો અભ્યાસક્રમ પૂરો કરી જાન્યુઆરીથી તેનું રિવિઝન પણ શરુ કરી દેવાતું હોય છે. જોકે, આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના અભ્યાસક્રમમાં ઘટાડો કરવાની જાહેરાત તો સરકારે કરી જ દીધી છે, પરંતુ તેની સાથે પરીક્ષા પણ મે મહિનામાં લેવાય તેવી શક્યતા પ્રવર્તી રહી છે. જોકે, પરીક્ષાની તારીખ અંગે હજુ સુધી સરકારે કોઈ ચોખવટ નથી કરી.

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર, સ્કૂલો ખોલવા માટે શરતી મંજૂરી નવેમ્બર મહિનામાં જ આપી દેવાઈ છે. જોકે, તેમાં અમુક ધોરણના જ વિદ્યાર્થીઓને સ્કૂલે આવવા માટે પરવાનગી છે. આ સિવાય તેમાં પણ ઓડ-ઈવન ઉપરાંત માતા-પિતાની ફરજિયાત સહમતીનો પણ સમાવેશ થાય છે. પરંતુ કેન્દ્ર સરકારે પણ વિદ્યાર્થીઓ માટે સ્કૂલે આવવું ફરજિયાત નથી રાખ્યું, અને ઓનલાઈન એજ્યુકેશનનો વિકલ્પ પણ આપવામાં આવ્યો જ છે.



રામમંદિર માટે ભંડોળ ભેગું કરવાનો પ્રારંભ : અયોધ્યામાં બની રહેલા રામ મંદિર માટે ભંડોળ એકત્રિત કરવા વિશ્વ હિંદુ પરિષદ દ્વારા નિધિ સંઘાનો શુભારંભ કરાયો હતો.

# કર્ણાવતી ક્લબમાં પાવર પેનલના અગીયાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા

કર્ણાવતી ક્લબના ૩૧ ડિરેક્ટરોમાંથી ૧૧ ડિરેક્ટરોનું ઈલેક્શન તાજેતરમાં જાહેર કરવામાં આવ્યુ હતુ. પરંતુ પાવર પેનલના ૧૧ ઉમેદવારો સામે કોઈ ફોર્મ ન ભરાતા પાવર પેનલના તમામ અગિયાર ઉમેદવારો બીન હરીફ વિજેતા થયા હતા. શનિવારે ક્લબની ઓનલાઈન એજીએમનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્લબના પ્રેસિડેન્ટ નગીનભાઈ પટેલના વડપણ હેઠળ ૩૧મી એજીએમનો ઓનલાઈન આયોજીત કરવામાં આવી હતી. જેમાં ૧૧ ડિરેક્ટરમાંથી ૭ ડિરેક્ટરને હોદ્દાની સોંપણી કરવામાં આવી હતી. જેમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમેશ પટેલ, સતીશ શાહ અને જયેશ મોદીની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે સેક્રેટરી તરીકે કેતન બાબુભાઈ પટેલની કામગીરીને જોઈન તેમને યથાવત રાખવામાં આવ્યા છે. જ્યારે જોઈન્ટ સેક્રેટરી તરીકે અજય ઠક્કર અને ડૉ. આશીષ દેસાઈની નિમણુંક કરવામાં આવી છે. ક્લબના પ્રમુખ નગીનભાઈ પટેલ મુલાસણા ખાતે ૨,૫૦,૦૦૦ ચો. વારમાં નવી બની રહેલી કર્ણાવતી ક્લબ અને રીસોર્ટના વિકાસ માટેના તમામ પ્રયાસો માટે બોર્ડ સભ્યો અને સમિતિના સભ્યોના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

બિન હરીફ ચૂંટાયેલ ડીરેક્ટરોમાં સર્વશ્રી અમરીશ જગદીશભાઈ પટેલ, ભાવેશ કીર્તીભાઈ પટેલ, ધવલ મનુભાઈ બારોટ, જગદીશભાઈ માધવલાલ પટેલ, જયેશ હર્ષદભાઈ મોદી, કેતન બાબુભાઈ પટેલ, નીકી અશોકભાઈ પટેલ, નિલેશ રજનીકાન્તભાઈ દેસાઈ, નિમેષ દશરથભાઈ પટેલ, નિતીશ પ્રફુલભાઈ અગ્રવાલ અને વિજય મહેતાનો સમાવેશ થાય છે.

## વડોદરામાં મ્યુકરમાયકોસીસે માથું ઉંચક્યું, એક વૃદ્ધાનું મોત

વડોદરા,તા.૧૯

કોરોના બાદ સૌથી વધુ મ્યુકરમાયકોસીસ નામનો ઘાતક રોગ લોકોમાં ભયનો માહોલ ઉભો કરી રહ્યો છે. વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા રાજપીપળાના વૃદ્ધાનું કોરોનાની સારવાર દરમિયાન મ્યુકરમાયકોસીસ થયા બાદ મોત નીપજ્યું છે. મ્યુકરમાયકોસીસ નામનો ઘાતક રોગ હવે માથું ઊંચકી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. અમદાવાદમાં મ્યુકરમાયકોસીસને કારણે ૮ જેટલા લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હોવાના અહેવાલ તાજેતરમાં પ્રાપ્ત થયા છે. હવે વડોદરામાં પણ મ્યુકરમાયકોસીસથી મૃત્યુ થયાનો પ્રથમ કિસ્સો સામે આવ્યો છે. શહેરના દાંડિયાબજારમાં આવેલી સિદ્ધિ મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલના ડૉ. જયેશ રાજપરાના જણાવ્યા પ્રમાણે, ૧૦ દિવસ પહેલા મૂળ રાજપીપળાના વૃદ્ધા કોરોનાની સારવાર અર્થે તેમની હોસ્પિટલમાં આવ્યા હતા. તેમની કોરોનની સારવાર ચાલી રહી હતી. દરમિયાન ત્રણ દિવસ પહેલા તેમના નાકમાંથી લોહી નીકળવાનું ચાલુ થઈ ગયું હતું. જેને કારણે તેમના રિપોર્ટ્સ કઢાવવામાં આવ્યા હતા. વધુમાં ડૉ. જયેશ રાજપરાએ ઉમેર્યું હતું કે, વૃદ્ધામાં મ્યુકરમાયકોસીસના ક્લિનિકલ લક્ષણો પણ જોવા મળ્યા હતા.

# મોલમાં આવતા ૪૭% લોકોનો હેતુ શોપિંગનો હોતો નથી

અમદાવાદીઓ પોતાના ફેવરિટ મોલ સુધી પહોંચવા સુધી ટ્રાવેલિંગનો કયો વિકલ્પ પસંદ કરે છે? તે અંગે હાલમાં જ એક રિસર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. વસ્ત્રાપુરમાં આવેલા શહેરના સૌથી મોટા મોલમાં આવતા લોકો અંગે એક વિગતવાર સર્વે ટ્રાન્સપોર્ટ રિસર્ચ ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. જેથી તેમનો મોડ ઓફ ટ્રાન્સપોર્ટ મતલબ કે, તેઓ મોલ સુધી કેવી રીતે પહોંચે છે તે અને મોલમાં આવતા મુલાકાતીઓ અંગેના અન્ય પાસા જાણી શકાય. સ્ટડીના તારણમાં જાણવા મળ્યું કે, વર્ક ટ્રીપ (ઓફિસે પહોંચવા થતી મુસાફરી) બાદ શહેરના જે-તે સ્થળે શોપિંગ કરવા માટે સૌથી વધુ ટ્રીપ કરવામાં આવે છે. વર્ક ટ્રીપ બાદ ટ્રાન્સપોર્ટેશનનો સૌથી વધુ શેર શોપિંગ ટ્રીપ માટેનો છે. વસ્ત્રાપુરમાં આવેલા અમદાવાદના સૌથી મોટા મોલમાં એલ.ડી. એન્જિનિયરિંગના ડિપાર્ટમેન્ટ ઓફ સિવિલ એન્જિનિયરની એક ટીમે રિસર્ચ હાથ ધર્યું હતું. પ્રોફેસર રેણુકા શુક્લા અને કવિશા શાહ દ્વારા લીડ કરાયેલી ટીમને રિસર્ચમાં જાણવા મળ્યું કે, સર્વેમાં સામેલ કરાયેલા ૯૧૯થી વધુ લોકોમાંથી ૪૭% લોકોનો મોલની મુલાકાત લેવાનો હેતુ શોપિંગ સિવાયનો હતો. મતલબ કે, તેઓ શોપિંગ માટે નહોતા આવ્યા. મોલમાં આવેલા મુલાકાતીઓમાંથી ૭૦% લોકો પ્રાઈવેટ વ્હીકલમાં આવ્યા હતા અને તેમાંથી મોટાભાગના એટલે કે ૫૦.૯૪% મુલાકાતીઓ પોતાના ફોર વ્હીલરમાં આવ્યા હતા. રિસર્ચમાં એ પણ સામે આવ્યું કે, કુલ મુલાકાતીઓના લગભગ ૩૧%એ મોલ સુધી પહોંચવા માટે ૫થી ૧૦ કિલોમીટરની મુસાફરી કરી હતી, જ્યારે ૩૩% લોકો ૨થી૫ કિલોમીટર દૂરથી આવ્યા હતા. રિસર્ચ પેપરમાં કરવામાં આવેલા દાવા પ્રમાણે, ×મોલમાં ૨૧૧ યુનિટ્સ છે અને તેમાંથી ૭૬% શોપિંગ કરી શકાય તેવા છે. ૧૭% દુકાનો ખાણીપીણીની છે અને ૨% યુનિટ ગેમિંગ ઝોન અને મનોરંજનના છે.

# ત્રણ તબક્કામાં ૧૦ લાખ અમદાવાદીઓને રસી મળશે

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં કોરોના રસીકરણ માટે સર્વેનું કામ ૬૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયું છે જેમાં ૫૦ વર્ષથી ઉપરના નાગરિકોની માહિતી એકઠી કરવામાં આવી રહી છે. એએમસી મુજબ કોરોના રસીકરણ કાર્યક્રમ અંતર્ગત પહેલા ત્રણ તબક્કામાં અંદાજીત ૧૦ લાખ લોકોને રસી મૂકવામાં આવશે. નગરપાલિકાના અધિકારીઓએ કહ્યું કે ૬૦ ટકા શહેરીજનો પર સર્વે પૂર્ણ થઈ ગયો છે. અંદાજે ૫ લાખ લોકો એવા છે જેઓ ૫૦ વર્ષથી મોટી ઉંમરના છે. જ્યારે બાકીના ૪૦ ટકા શહેરીજનોનો સર્વે હજુ બાકી છે. અધિકારીઓએ કહ્યું કે 'અમને આશા છે કે આગામી ૧૦ દિવસમાં સર્વેનું કામ પૂર્ણ થઈ જશે અને ચોક્કસ આંકડો તેના બાદ જ સામે આવશે પરંતુ અમને લાગે છે કે શહેરમાં ૫૦ વર્ષથી મોટી ઉંમરના શહેરીજનોની સંખ્યા ૯ લાખની આસપાસ રહેશે. આ ઉપરાંત કોર્પોરેશને ૫૦ હજાર હેલ્થકેર કર્મચારીઓ અને ૫૦ હજાર બીજા ફ્રન્ટલાઈન વર્કર્સ જેવા કે પોલીસ અને કોર્પોરેશનના કર્માચારીઓનું લિસ્ટ તૈયાર કર્યું હોવાથી આ લોકો કુલ ૧ લાખ અને વૃદ્ધો ૯ લાખ એમ મળીને શહેરમાં ૧૦ લાખ લોકોને પહેલા ત્રણ તબક્કામાં કોરોના રસી આપવામાં આવશે. અધિકારીઓએ કહ્યું કે, સર્વે દરમિયાન અમને જોવા મળ્યું કે હાઈએન્ડ સોસાયટીમાં રહેતા લોકો કોરોના રસીકરણ માટે પોતાની નોંધણી કરાવવાથી દૂર રહે છે. નવરંગપુરા, બોડકદેવ, થલતેજ અને જોધપુર સહિતના વિસ્તારોમાં ઘણા રહેવાસીઓએ પોતાની માહિતી આપવાથી ઈનકાર કરી દીધો છે.

જેમ વધુ પોશ એરિયા તેમ માહિતી મેળવવામાં વધુ મુશ્કેલી પડે છે. સર્વે મુજબ અત્યાર સુધીમાં માંડ ૩ ટકા શહેરીજનોએ કોરોના રસીકરણમાં પોતાની નોંધણી કરવાની ના પાડી છે. જે પૈકી ૭૦ ટકા લોકો આવા પોશ વિસ્તારમાંથી છે. અધિકારીઓએ કહ્યું કે, 'જ્યારે અમે તેમની ના પાડવા પાછળનું કારણ જાણવા માટે પ્રયાસ કર્યો તો મોટાભાગના લોકો જવાબ આપ્યો કે તેમને હજુ પણ કોરોનાની રસી પર ભરોસો નથી અને સાથે સાથે તેની અસરકારકતા યથાવત રાખવા માટે તેના સ્ટોરેજ અને સપ્લાય દરમિયાન કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા અંગે તેમને વિશ્વાસ નથી.

### નવા ૩૬ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. શહેરમાંથી આજે ૧૪ કેસ મળી આવ્યા છે.

આજે સંક્રમિત થયેલા દર્દીઓમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે યુવા દર્દીઓ વધુ સંક્રમિત જણાયા છે. આજે બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં બે સ્ટાફ નર્સ, ટોરેન્ટ પાવરનો કર્મયોગી, જુનિયર ઈજનેર ઓએનજીસી, નાયબ સેક્શન અધિકારી, માહિતી ખાતાના અધિકારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૭ માંથી ૪ તેમજ સે. ૨૨ અને સે. ૨૩ માંથી બે-બે કેસ મળવા ઉપરાંત સે. ૪, ૫, ૧૨, ૨૬, ૨૭, સે. ૩-એ-ન્યુ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૩૦૫૬ થઈ છે. ૨૭૫૦ દર્દીઓ રિકવર થયા છે. શહેરમાં આજે પણ ૧૮૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં રિકવરી રેટ ૯૦ ટકા નોંધાયો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### બે બેઠકોની ચૂંટણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યસભામાં સાંસદ અહેમદ પટેલના અવસાનથી એક બેઠક ખાલી પડી હતી, ત્યાં ભારદ્વાજના નિધનથી હવે ગુજરાતમાંથી રાજ્યસભાની બે બેઠક ખાલી પડી છે.

હવે ગુજરાતમાં રાજ્યસભાની બન્ને બેઠકો પાછળનું ગણિત સમજીએ તો અહેમદ પટેલના અવસાનથી ખાલી પડેલી બેઠક પર ટૂંક સમયમાં ચૂંટણી યોજાય ત્યારે ભાજપ તેની બેઠક વિધાનસભામાં પોતાના સભ્યોના સંખ્યાબળને આધારે જીતે તેમ હતું, પરંતુ હવે ભારદ્વાજના નિધનને કારણે ખાલી પડેલી બેઠકને કારણે મતોની સંખ્યા વહેંચાવાથી કોંગ્રેસ એક બેઠક મેળવી શકશે.

બે બેઠક ખાલી પડી હોવાથી રાજ્યસભાની ચૂંટણીમાં જીતવા જરૂરી મતોની ગણતરી પ્રમાણે હાલ ઉમેદવારને જીતવા માટે ૬૧ મત જોઈએ. હાલ ભાજપ પાસે ૧૧૧ ધારાસભ્ય છે અને તેમને જીતવા માટે હજુ બીજા ૧૧ ધારાસભ્યો જોઈએ, જ્યારે કોંગ્રેસ પાસે ૬૫ ધારાસભ્ય છે અને તે એક

બેઠક જીતવા માટે પૂરતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના એહમદ પટેલના ટર્મ ૧૮ ઓગસ્ટ ૨૦૨૩ સુધી હતી. જ્યારે અભય ભારદ્વાજની ટર્મ ૨૧ જુન ૨૦૨૬ના રોજ પુર્ણ થતી હતી. રાજ્યસભાએ ગુજરાતમાં ૧૧૧ પૈકી ૨ બેઠકો ખાલી થયાનું જાહેર કર્યા બાદ સવા મહિનામાં પેટા ચૂંટણી થશે. જૂલાઈ ૨૦૧૯ની ચૂંટણીથી અલગ આ વખતે બેઉ બેઠકોની ટર્મ અને ખાલી થવાનાં કારણો અલગ અલગ છે પણ સુપ્રીમમાં કેસ હોવાથી એક સાથે ચૂંટણી નહિ થાય તેથી ભાજપને બહુમતીના જોરે બંને બેઠકો સરળતાથી મળશે. ૨૦૧૯ની ચૂંટણીમાં લોકસભામાં ચૂંટાયા બાદ રાજ્યસભાના સાંસદપદેથી અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીએ રાજીનામા આપ્યા હતા. આ બેઠકો ખાલી થવા સંદર્ભે એક દિવસના અંતરે એક પછી એક નોટિફિકેશન જાહેર થયા અને તેના આધારે ચૂંટણી પંચે એક જ ટર્મની બે બેઠકો માટે એક જ દિવસે બે અલગ અલગ બેલેટ પેપરથી ચૂંટણી જાહેર કરી હતી.

### ૩૧મી સુધી પ્રતિબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજ રાતના ૧૨ વાગ્યાથી શરૂ થશે. આ પહેલાં આવનારા લોકોની ફરજીયાત આરટી-પીસીઆર તપાસ કરાવવામાં આવશે.

ભારત સરકારના નિર્ણય પહેલાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે આ મામલે ટ્વિટ કરતાં લખ્યું હતું કે, યુનાઈટેડ કિંગડમમાં કોરોનાના નવા સ્ટ્રેઈનથી હલચલ છે અને તે સુપર સ્પ્રેડરની જેમ કામ કરી રહ્યો છે. આવામાં ભારત સરકારે યુકેની તમામ ફ્લાઈટ્સ બેન કરવી જોઈએ.

ઉપરાંત રાજસ્થાનના સીએમ અશોક ગહેલોતે પણ ટ્વિટ કરતાં લખ્યું હતું કે, યુનાઈટેડ કિંગડમમાં કોરોનાના નવા સ્ટ્રેઈનના સમાચાર ઘણા ચિંતાજનક છે. ભારત સરકારે આ મામલે તરત જ એક્શન લેવા જોઈએ અને યુકે તથા અન્ય યુરોપીયન દેશોથી આવતી ફ્લાઈટ તરત બેન કરવી જોઈએ. આ અંગે સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનનું કહેવું છે કે, અત્યારથી જ આને લઈને પેનિક ના ફેલાવવું જોઈએ. આપણા વૈજ્ઞાનિક આની પર નજર રાખી રહ્યાં છે. પરંતુ પેનિક ફેલાવવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે, સાઉદી અરબે રવિવારે દેશમાંથી તમામ ઈન્ટરનેશનલ ફ્લાઈટ સહિત જમીન અને સમુદ્રના માર્ગે પરિવહન એક સપ્તાહ માટે બંધ કરી દીધું છે.

### સરકાર સતર્ક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકી દેવામાં આવશે? તેવા પત્રકારોના સવાલનો તેમણે જવાબ આપીને કહ્યું છે કે, હું કહેવા માગીશ કે આ બધી કાલ્પનિક સ્થિતિ છે, કાલ્પનિક વાતો છે, કાલ્પનિક ડર છે. તે બધી વાતો માની ના લેશો.

તેમણે આગળ એ પણ જણાવ્યું છે કે, આ સરકાર તમામ જરુરી બાબતને લઈને સતર્ક છે. જો તમે મને પૂછો તો આ પ્રેસ કોન્ફ્રન્સમાં આપણે વાત કરી તે પ્રમાણે ગભરાવાની કોઈ જરુર નથી.

બીજી તરફ બ્રિટનના સ્વાસ્થ્ય અધિકારીઓએ કહ્યું કે આ વાયરસ અંગે એવી કોઈ વિગતો નથી મળી કે તે વધારે ઘાતક છે કે વેક્સીનની સામે અલગ પ્રતિક્રિયા આપશે. જોકે આ વાયરસ કોરોનાના સામાન્ય વાયરસ કરતા ઝડપથી ફેલાતો હોવાનું પણ વિવિધ રિપોર્ટ્સમાં નોંધવામાં આવ્યું છે. હવે આ વાયરસ સામે કોરોનાની તૈયાર થયેલી રસી કેટલી સફળ થશે તે અંગે પણ વિવિધ રિસર્ચ કરવામાં આવી શકે છે.

વાયરસને ધ્યાનમાં રાખીને યુરોપના દેશોએ ફ્લાઈટ સેવા અટકાવી દીધી છે, જ્યારે બેલ્જિયમે બ્રિટનને જોડતી રેલવે સેવા પણ અટકાવી દીધી છે. જર્મનીના અધિકારીઓએ જણાવ્યું કે બ્રિટનથી આવનારા વિમાનને લઈને ગંભીર વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

### સરકારની અપીલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા પત્રમાં કેન્દ્ર સરકારે શરૂઆતથી લઈને અત્યાર સુધી કયા કયા પગલાં લેવાયા તેની સંપૂર્ણ વિગતો આપી છે. કેન્દ્ર સરકારે એકવાર ફરીથી ખેડૂતોને અપીલ કરી છે કે તેઓ સરકાર દ્વારા જણાવવામાં આવેલા પોઈન્ટ્સ પર વિચાર કરીને વાતચીત માટેની આગળની તારીખ સૂચવે જેથી કરીને આંદોલન જલદી સમાપ્ત થઈ શકે.

કેન્દ્ર સરકાર તરફથી કહેવાયું છે કે ખેડૂત નેતા દર્શનપાલે જે ઈમેઈલ દ્વારા સરકારના પ્રસ્તાવ પર જવાબ મોકલ્યો છે તે ખુબ જ સંક્ષિપ્ત છે અને તેમાં કશું સ્પષ્ટ નથી. ખેડૂતો તરફથી જવાબમાં એ પણ સ્પષ્ટ નથી કે સરકારના પ્રસ્તાવ પર તેઓ શું વિચારે છે અને તેમનો શું નિર્ણય છે. ન તો તેમાં એ સ્પષ્ટ છે કે સરકારના પ્રસ્તાવ પર કયા કયા ખેડૂત સંગઠન કયો મત ધરાવે છે.

બીજા બાજુ પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે નવા કૃષિ કાયદાને પાછા ખેંચવાની માગણીને લઈને દિલ્હીની સરહદો પર પ્રદર્શન કરી રહેલા ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ સાથે કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમર એક બે દિવસમાં મુલાકાત કરે તેવી શક્યતા છે. શાહે પત્રકાર પરિષદમાં કહ્યું કે હું સમય અંગે સંપૂર્ણ રીતે માહિતગાર નથી પરંતુ ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે તેમની માંગણીઓ પર ચર્ચા માટે તોમર મુલાકાત કરે તેવી શક્યતા છે.